# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૯
## (તારીખઃ ૦૪/૦૬/૨૦૨૫, બુધવાર)
## કાર્યનોંધ

**એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૯, તારીખઃ ૦૪/૦૬/૨૦૨૫ને બુધવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

**<u>ક્રમ</u>** **<u>સભ્યશ્રીઓના નામઃ</u>**

(૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ (કુલસચિવશ્રી)
(૩) ડૉ. પિનાકીનીબેન ડી. પંડ્યા
(૪) ડૉ. જીગીશભાઈ એમ. પંડ્યા
(૫) ડૉ. દર્શનભાઈ બી. ચોકસી
(૬) ડૉ. દિપ્તીબેન બી. શાહ
(૭) ડૉ. ભાવનાબેન જર્નાદન પરમાર
(૮) શ્રી કલ્પેશકુમાર રોહિતકુમાર ત્રિવેદી
(૯) શ્રી રાજેન્દ્રકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ
(૧૦) ડૉ. એ. એચ. હાસમાણી
(૧૧) ડૉ. ઘનશ્યામસિંહ સોઢા

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**<u>ક્રમ</u>** **<u>સભ્યશ્રીઓના નામઃ-</u>**

(૧) શ્રી નિશાંત વિક્રમભાઈ પટેલ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

### (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ **૧૬/૦૪/૨૦૨૫ને બુધવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ** ૮ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૬/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૮ ની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ **૧૬/૦૪/૨૦૨૫ને બુધવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ** ૮ માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૬/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૮માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લીધી.**

## (સિન્ડિકેટ વિભાગ)

૩. આચાર્યશ્રી, વાત્સલ્ય ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, ખંભાતમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **બેઝીક બી.એસસી. નર્સિંગ**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Need to appoint Principal, Vice Principal, Associate Professor -1, Assistant Professor -1, Nursing Tutor -4 according to INC Norms.
- Need to develop Nutrition lab, AV aids Lab.
- Parent Hospital is not according to INC norm. Immediately fullfill this requirement as per undertaking.
- Need to affiliate more hospitals.
- After fulfill all requirements only allow for next academic year.

૩.૧ આચાર્યશ્રી, આર. એચ. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એજયુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, બોરસદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **બેઝીક બી.એસસી. નર્સિંગ**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૧)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Need to appoint Principal and Vice Principal according to INC Norms.
- Take syndicate approval for faculties.

૩.૨ આચાર્યશ્રી, આણંદ મર્કન્ટાઇલ કોલેજ ઓફ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **બી.કોમ (અંગ્રેજી માધ્યમ)**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૨)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- The college should appoint 03 fulltime Associate Professor.
- Regular principal need to be appointed.
- Reference books needs to add in library.
- Subscribe Two Journals.

૩.૩ આચાર્યશ્રી, ડૉ. આઇ. પી. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેડિકલ ટેકનોલોજી એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **પી.જી.ડી.એમ.એલ.ટી.(એક વધારાનું ડિવીઝન)**નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૩)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Depending on increase in students number, additional infrastructure and equipment should be replenished.

૩.૪ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **ડી.એમ.એલ.ટી.**નો ડિપ્લોમાં અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૪)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
- New faculty appointed.
- New equipment added.
- NAAC visit & graded to "A" after last visit.

૩.૫ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **એમ.એસસી.એમ.ટી.(સી.એલ.ટી.)**નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૫)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
- New faculty appointed.
- New equipment added.
- NAAC visit & graded "A" after last visit.

૩.૬ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **બી.એસસી. (એમ.ટી.)**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૬)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
- New faculty appointed.
- New books purchased.
- Enlist & Delnet software purchased
- Infrastructure also upgraded
- NAAC visit & after last visit "A" graded.

૩.૭ આચાર્યશ્રી, ડૉ. ઇન્દ્રવદન પી. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ ટેકનોલોજી એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **ડી.એમ.એલ.ટી અને એમ.એસસી. (એમ.એલ.ટી.)**નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૭)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
- Atleast to appoint Principal and Associate Professor is advised.
- Advertisement is given in newspaper.

૩.૮ આચાર્યશ્રી, શ્રી ઇશ્વરભાઇ નારાયણભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ એન્ડ મેડિકલ ટેકનોલોજી એન્ડ રીસર્ચ, તારાપુરમાં જૂન-૨૦૨૪થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **ડી.એમ.એલ.ટી**નો ડિપ્લોમાં અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૩.૮)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Vacanted position is filled.
- Adhoc faculty approval is submitted to the university.
- Efforts to increase student admission should be done.
- (Intake is 25 students admitted 13 last year)
- Purchase new books.

૩.૯ આચાર્યશ્રી, કેર ઇન્સ્ટીટ્યુટ ઓફ લીગલ સ્ટડિઝ, આણંદમાં જૂન-૨૦૨૫થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **બેચરલ ઓફ લૉ (એલએલ.બી.)** નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૩.૯)**

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Legal centre need to appoint regular Principal & qualified faculties as per UGC, BCI & SPU Guidelines.
- Legal centre require BCI continue affiliation for the academic year 2025-26.
- Also legal centre must comply strictly with all the guidelines imposed by BCI such as law, software recommended, Books & Journals investment as per BCI guidelines.
- Teaching faculties must be appointed as per BCI, UGC & SPU norms through appropriate process for approval at SPU.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ સ્વીકારવો અને બાબત ક્રમાંક : ૩ થી ૩.૯ માં જ્યાં ત્રુટીઓ હોય અને અધ્યાપકની ઘટ હોય તે કોલેજોને ક્ષતિપૂર્તતાનો પત્ર લખીને ત્રુટીઓ અને ઘટ પૂર્ણ કરવા જણાવવું.**

**(સિન્ડિકેટ વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજુર કરેલ બાબતઃ**

૪. બી. એન. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ એન્ડ સાયન્સ, આણંદને શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫-૨૦૨૬થી ૨૦૩૪-૨૦૩૫ (દસ વર્ષ) માટે યુ.જી.સી.ના તારીખઃ ૧૭/૪/૨૦૨૫ના પત્રાંકઃ F.2-10/2023 (AC-Policy) થી ઓટોનોમસ સ્ટેટસ મળેલ છે, જે અંગે (આગામી મળનાર એકઝીક્યુટીવ કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ) મંજૂર કરવા બાબત. **(બિડાણઃ૪)**

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને ગ્રાહ્ય રાખવામાં આવી અને વધુમાં ઉપરોકત કોલેજને ક્રમશઃ ઓટોનોમસ સ્ટેટસ આપવું.**

**(એકેડેમિક વિભાગ)**

૫. કા.આચાર્યશ્રી, આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદના તારીખઃ ૨૭/૧૨/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃAISW/2024-25/186થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Amit Samuel Roy<br>B.S.W. April-2005 69.92%<br>M. S.W. April-2007 66%<br>**GSLET (Social Work) January- 2024**<br>**Teaching Experience :**<br>**12 Years & 2 Months as a Assistant** | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | **Professor**<br>College Joining Date : 1/10/2024<br>Basic Pay Rs. 15,600-39,100 (AGP. 6000) | | |
| 2. | Dr. Hetalkumari Maganbhai Makwana (SC)<br>B.S.W. March-2010 78.92%<br>M. S.W. April-2012 CGPA : 7.60<br>**Ph.D. (Social Work) May-2023**<br>College Joining Date : 1/10/2024<br>Basic Pay Rs. 15,600-39,100 (AGP. 6000) | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| 3. | Nitiben Dipakbhai Joshi<br>B.S.W. April-2007 69.54%<br>M. S.W. April-2009 76.04%<br>**NET (Social Work) April- 2014**<br>**M. Phil. (Social Work) May-2014 67.56%**<br>**Teaching Experience :**<br>**14 Years & 1 Month as a Assistant Professor**<br>College Joining Date : 18/11/2024<br>Basic Pay Rs. 15,600-39,100 (AGP. 6000) | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**નોંધઃ** ઉપરોકત અધ્યાપક આઇક્યુએસી વિભાગના પત્ર નં. IQAC/API/ 2024-25/741 dated :16.9.2024 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આણંદ ઇન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદની ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૩માં કરેલ અધ્યાપકની નિમણૂકને માન્યતા આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૬. આચાર્યશ્રી, આણંદ લો કોલેજ, આણંદના તારીખઃ ૧૩/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ1390/ALC/ ૨૦૨૪-૨૫ તથા 1391/ALC/૨૦૨૪-૨૫થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Nancy Govindbhai Rathod (SC)<br>B.Sc.(Biotechnology) April-2017 CGPA:5.59<br>LL.B. September-2020 CGPA: 5.80<br>LL.M. June-2023 CGPA: 6.83<br>**GSLET (Law) January - 2023**<br>College Joining Date : 19/9/2024<br>Basic Pay Rs. 15,600-39,100 (AGP. 6000) | Assistant Professor in Law | લાયકાત ધરાવે છે. |
| 2. | Ranvirsinh Mahobatsinh Mahida<br>B.Sc.(Physics) April-2001 53.88%<br>M.Sc.(Physics) April-2004 57.58%<br>LL.B. (General) April-2008 55.77%<br>LL.B. (Special) April-2009 56.9%<br>LL.M. (Criminal Law) March-2016 | Assistant Professor in Law | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | CGPA: 6.17<br>LL.M. (Business Law) March-2011 54%<br>**GSLET (Law) January - 2024**<br>College Joining Date : 19/9/2024<br>Basic Pay Rs. 15,600-39,100 (AGP. 6000) | | |

નોંધ: ઉપરોકત અધ્યાપક આઇકયુએસી વિભાગના પત્ર નં. IQAC/API/ 2023-24/3085 dated :22.8.2024 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આણંદ લો કોલેજ, આણંદની ઉપરોકત ક્રમાંક: ૧ અને ૨ માં કરેલ અધ્યાપકની નિમણૂકને માન્યતા આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૭. પ્રમુખશ્રી, આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદના તારીખ: ૭/૪/૨૦૨૫ના પત્ર ક્રમાંક: APMS:10/2025-26થી આપની સોસાયટી સંચાલિત શ્રી જે. એમ. પટેલ આર્ટસ કોલેજ, આણંદમાં નીચે દર્શાવેલ અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Mr. Vijaykumar Mangalabhai Garasiya (ST)<br>B.A. April-2015 CGPA : 5.84<br>M.A. (Economics) April-2017 CGPA : 5.88<br>GSET (Economics) December-2018<br>College Joining Date : 7/4/2025<br>Basic Pay Rs. 15,600-39,100 (AGP : 6,000.) | Assistant Professor in Economics | લાયકાત ધરાવે છે. |

નોંધ: ઉપરોકત અધ્યાપક આઇકયુએસી વિભાગના પત્ર નં. IQAC/API/ 2024-25/3322 dated :31.8.2024 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જે. એમ. પટેલ આર્ટસ કોલેજ, આણંદની ઉપરોકત ક્રમાંક: ૧ માં કરેલ અધ્યાપકની નિમણૂકને માન્યતા આપવામાં આવી.**

**(જનરલ વિભાગ)**

૮. Kana Advanced Composite Industries, GIDC Por, Vadodara અને Post Graduate Department of Materials Science, Sardar Patel University, Vallabh Vidyanagar વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લેવા બાબત, તેમજ આ Memorandum of Understanding (MOU) અંગેની કાર્યવાહી અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગ દ્વારા કરવાની રહેશે.

**(બિડાણ:૫)**

**આથી ઠરાવવામાં આવે છે કે Kana Advanced Composite Industries, GIDC Por, Vadodara અને Post Graduate Department of Materials Science, Sardar Patel University, Vallabh Vidyanagar વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લેવામાં આવી.**

(જનરલ વિભાગ)

૯. HSVAditya Glass Line Pvt. Ltd. GIDC, Vithal Udyognagar અને Post Graduate Department of Materials Science, Sardar Patel University, Vallabh Vidyanagar વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લેવા બાબત, તેમજ આ Memorandum of Understanding (MOU) અંગેની કાર્યવાહી અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગ દ્વારા કરવાની રહેશે. (બિડાણ:૬)

**આથી ઠરાવવામાં આવે છે કે HSVAditya Glass Line Pvt. Ltd. GIDC, Vithal Udyognagar અને Post Graduate Department of Materials Science, Sardar Patel University,Vallabh Vidyanagar વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લેવામાં આવી.**

(એકેડેમિક વિભાગ)

૧૦. કા. આચાર્યશ્રી, સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાઇડ સાયન્સ, બાકરોલના તારીખ:૨૮/૩/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: SPIAS/corres/1731/2025થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Dr. Mukund Chandra Thakur<br>B.Sc. (Hons.) Botany August-1994 65%<br>M. Sc.(Botany) September-1996 73.37%<br>**Ph.D. (Bio-technology) February- 2005**<br>**Teaching Experience :**<br>17 Years & 8.5 Months as a Assistants Professor<br>College Joining Date : 25/3/2025<br>Basic Pay Rs.37,400 to 67,000<br>(Rs.9,000 AGP). | Associate Professor in Biotechnology | લાયકાત ધરાવે છે. |
| 2. | Dr. Sanjay Lal<br>B.Sc.(Hons.) Biotechnology April-2001 68.10%<br>M. Sc.( Biotechnology) October-200322 70.16%<br>**Ph.D. (Biochemistry) July- 2018**<br>**Teaching Experience :**<br>17 Years & 4 Months as a Assistants Professor<br>College Joining Date : 25/3/2025<br>Basic Pay Rs.37,400 to 67,000<br>(Rs.9,000 AGP). | Associate Professor in Biotechnology | લાયકાત ધરાવે છે. |

નોંધ: (૧) ઉપરોકત અધ્યાપકો આઇકયુએસી વિભાગના પત્ર નં. IQAC/API/ 2024-25/6729 dated : 12.2.2025 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાઇડ સાયન્સ, બાકરોલની ઉપરોકત ક્રમાંક: ૧ અને ૨ માં કરેલ અધ્યાપકની નિમણૂકને માન્યતા આપવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

**મા.કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતીઃ**

(એકેડેમિક વિભાગની તારીખ ૨૧/૧૨/૨૦૨૪ ની કાર્યાલય નોંધ મુજબ)

૧૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત કોલેજ, અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નીમેલ બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિના સભ્યોની મા.કુલપતિશ્રીએ નિમણુંક કર્યાના,

(નોંધઃ- **૧) બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિના સભ્યશ્રીઓઃ**

(૧) ડૉ. પરેશભાઇ બી. આચાર્ય (ક્ન્વીનરશ્રી, ડીનશ્રી, ચેરમેનશ્રી, એજ્યુકેશન ફેકલ્ટી)

(૨) ડૉ. હિતેશભાઇ પી. પટેલ (આચાર્યશ્રી, એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન)

(૩) ડૉ. અમિતાબેન બી. પટેલ (ફેકલ્ટી મેમ્બર, એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન)

(૪) ડૉ. જીતેશ કે. તલાટી (આચાર્યશ્રી, શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ)

(૫) ડૉ. પ્રભાતભાઇ એમ. કાસરા (આચાર્યશ્રી, સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ)

(૬) ડૉ. જે. બી. પટેલ (ફેકલ્ટી મેમ્બર, એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન)

(૭) ડૉ. દર્શનભાઇ બી. ચોકસી (એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્યશ્રી)

**૨) સદર સમિતિની નિમણુંક અંગે આ કાર્યાલયનાં તારીખઃ૧૭/૦૧/૨૦૨૫, ના પત્ર નં.ડી/બી.એડ્.૨૦૨૪/૬૧૪૯ થી સભ્યશ્રીઓને જાણ કરેલ છે.)**

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

૧૨. **અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક્સ વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.**

(નોંધઃ૧) ડૉ. (શ્રીમતી) શહેરા એસ. પટેલ, પ્રોફેસર(સીએએસ)(આરડીઈએસ), અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક્સ વિભાગને આ કાર્યાલયના તારીખઃ ૨૭/૦૭/૨૦૨૦ના પત્રાંકઃ ડી-ઇ/૧૦/૧૩૧૩થી અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક્સ વિભાગના વડાશ્રી તરીકે **તારીખઃ ૨૨/૦૭/ ૨૦૨૦થી** નિમણૂંક કરવામાં આવી હતી.

૨) ડૉ.(શ્રીમતી) શહેરા એસ. પટેલનો વડાશ્રી તરીકેનો કાર્યકાળ **તારીખઃ૨૧/૦૭/ ૨૦૨૫** ના રોજ પૂર્ણ થાય છે.

૩) ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩, ૩૧ જુલાઇ-૨૦૨૪ Statue-132 (બિડાણ-૧)થી આ સાથે સામેલ છે.

**અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક્સ વિભાગમાં હાલ નીચે પ્રમાણે અધ્યાપકો કાર્યરત છે. )**

| અ.ન. | અધ્યાપકનું નામ અને હોદ્દો | યુનિ.માં જોડાયા તારીખ. | યુનિ.માં રીડર તરીકે નિમણૂંક તારીખ. | યુનિ.માં પ્રોફેસર તરીકે નિમણૂંક તારીખ. | જન્મતારીખ જ.તા.મુજબ નિવૃત્તિ સત્રાંતે નિવૃત્તિ |
|---|---|---|---|---|---|
| ૧. | ડૉ. (શ્રીમતી) શહેરા એસ. પટેલ, પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ) | ૩/૯/૧૯૯૧ (ટેકનીકલ ઓફિસર) | ૦૧/૦૧/૨૦૧૬ એસો. પ્રોફેસર (ડીસીએએસ) | ૦૧/૦૧/૨૦૧૬ પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ) | ૦૪/૦૪/૧૯૭૦ ૦૩/૦૪/૨૦૩૨ ૧૪/૦૬/૨૦૩૨ |
| ૨. | ડૉ.(કુ.) વિભા એસ. વૈષ્ણવ, પ્રોફેસર (સીએએસ) | ૨૨/૩/૧૯૯૪ (વ્યાખ્યાતા) | ૨૨/૦૩/૨૦૦૬ રીડર (ડીસીએએસ) | ૧૨/૦૭/૨૦૧૬ પ્રોફેસર (સીએએસ) | ૩૦/૦૬/૧૯૭૦ ૨૯/૦૬/૨૦૩૨ ૩૧/૧૦/૨૦૩૨ |
| ૩. | ડૉ. દિવ્યાંગ ભાનુપ્રસાદ દવે, એસો.પ્રોફેસર (એસ.જી.) | ૨૨/૭/૧૯૯૧ (વ્યાખ્યાતા) | ૨૨/૦૭/૧૯૯૧ (વ્યાખ્યાતા) | ૨૨/૦૭/૨૦૦૭ એસો.પ્રોફેસર (એસ.જી.) | ૦૮/૦૬/૧૯૬૮ ૦૭/૦૬/૨૦૩૦ ૧૪/૦૬/૨૦૩૦ |
| ૪. | ડૉ. પરેશકુમાર બી. પટેલ, એસો.પ્રોફેસર (એસ.જી.) | ૪/૦૭/૧૯૯૪ (વ્યાખ્યાતા) | ૦૪/૦૭/૧૯૯૪ (વ્યાખ્યાતા) | ૦૪/૦૭/૨૦૦૮ એસો.પ્રોફેસર (એસ.જી.) | ૨૧/૦૯/૧૯૭૧ ૨૦/૦૯/૨૦૩૩ ૩૧/૧૦/૨૦૩૩ |

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક્સ વિભાગના વડાશ્રી તરીકે ડૉ.(કુ.) વિભા એસ. વૈષ્ણવ, પ્રોફેસર (સીએએસ)ની તારીખઃ ૨૨/૭/૨૦૨૫ થી તારીખઃ ૨૧/૭/૨૦૩૦ સુધી નિયમ અનુસાર નિમણૂક કરવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૧૩. **<u>અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.</u>**

(નોંધઃ૧) ડૉ. વિવેક મધુશંકર પાઠક, પ્રોફેસર (સીએએસ), અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગને આ કાર્યાલયના તારીખઃ ૦૯/૦૫/૨૦૨૨ના પત્રાંકઃ ડી-ઈ/૧૦/૯૮૭થી અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી તરીકે **તારીખઃ ૨૨/૦૭/૨૦૨૦થી** નિમણૂંક કરવામાં આવી હતી.

૨) ડૉ. વિવેક મધુશંકર પાઠક નો વડાશ્રી તરીકેનો કાર્યકાળ **તા. ૦૭/૦૭/૨૦૨૫**ના રોજ પૂર્ણ થાય છે.

૩) ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ-૨૦૨૩, ૩૧ જુલાઈ-૨૦૨૪ Statue-132 (બિડાણ-૧)થી આ સાથે સામેલ છે.

**અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગમાં હાલ નીચે પ્રમાણે અધ્યાપકો કાર્યરત છે. )**

| અ.ન. | અધ્યાપકનું નામ અને હોદ્દો | યુનિ.માં જોડાયા તારીખ. | યુનિ.માં રીડર તરીકે નિમણૂંક તારીખ. | યુનિ.માં પ્રોફેસર તરીકે નિમણૂંક તારીખ. | જન્મતારીખ જ.તા.મુજબ નિવૃત્તિ સત્રાંતે નિવૃત્તિ |
|---|---|---|---|---|---|
| ૧. | ડૉ.કિરીટ નટવરલાલ લાડ, પ્રોફેસર | ૧/૬/૨૦૧૮ | -- | ૦૧/૦૬/૨૦૧૮ પ્રોફેસર | ૧૪/૦૮/૧૯૭૪ ૧૩/૦૮/૨૦૩૬ ૩૧/૧૦/૨૦૩૬ |
| ૨. | ડૉ. વિવેક મધુશંકર પાઠક, પ્રોફેસર (સીએએસ) | ૧૪/૮/૧૯૮૯ | ૨૨/૦૨/૧૯૯૪ રીડર | ૨૨/૦૨/૨૦૦૨ પ્રોફેસર (સીએએસ) | ૦૯/૦૭/૧૯૬૩ ૦૮/૦૭/૨૦૨૫ ૩૧/૧૦/૨૦૨૫ |
| ૩. | ડૉ. બ્રીજમોહન વાચ. ઠાકોરે, પ્રોફેસર (સીએએસ) | ૧૪/૨/૨૦૦૨ | ૧૪/૦૨/૨૦૦૨ રીડર | ૦૧/૦૨/૨૦૦૯ પ્રોફેસર (સીએએસ) | ૨૫/૧૨/૧૯૬૬ ૨૪/૧૨/૨૦૨૮ ૧૪/૦૬/૨૦૨૯ |
| ૪. | ડૉ. સુનિલ એચ. ચાકીપ્રોફેસર (સીએએસ) | ૧/૦૮/૨૦૦૮ | ૦૧/૦૮/૨૦૦૮ રીડર | ૦૧/૦૮/૨૦૧૧ પ્રોફેસર (સીએએસ) | ૧૫/૧૦/૧૯૬૭ ૧૪/૧૦/૨૦૨૯ ૩૧/૧૦/૨૦૨૯ |
| ૫. | ડૉ. એમ. પી. દેશપાંડે, પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ) | ૪/૦૭/૧૯૯૪ | ૩૦/૧૨/૨૦૦૦ રીડર (ડીસીએએસ) | ૩૦/૧૨/૨૦૦૮ પ્રોફેસર (ડીસીએએસ) | ૦૩/૦૬/૧૯૬૮ ૦૨/૦૬/૨૦૩૦ ૧૪/૦૬/૨૦૩૦ |
| ૬. | ડૉ. કિરીટકુમાર દેસાઈભાઈ પટેલ, પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ) | ૨૬/૧૧/૧૯૯૧ | ૦૪/૦૭/૨૦૦૩ રીડર (ડીસીએએસ) | ૦૪/૦૭/૨૦૦૯ પ્રોફેસર (સીએએસ) (આરડીસીએએસ) | ૩૧/૦૮/૧૯૬૭ ૩૦/૦૮/૨૦૨૯ ૩૧/૧૦/૨૦૨૯ |
| ૭. | ડૉ. ગુણવંત કાંતિલાલ સોલંકી, પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ) | ૪/૦૭/૧૯૯૪ | ૧૨/૦૭/૨૦૦૩ રીડર (ડીસીએએસ) | ૧૨/૦૭/૨૦૦૯ પ્રોફેસર (સીએએસ) (આરડીસીએએસ) | ૦૨/૧૧/૧૯૬૬ ૦૧/૧૧/૨૦૨૮ ૧૪/૦૬/૨૦૨૮ |
| ૮. | ડૉ. જીજ્ઞેશ નરેન્દ્રકુમાર પંડ્યા | ૬/૦૯/૨૦૨૨ | -- | ૦૬/૦૯/૨૦૨૨ (પ્રોફેસર) | ૦૭/૦૧/૧૯૭૩ ૦૬/૦૧/૨૦૩૫ ૧૪/૦૬/૨૦૩૫ |
| ૯. | ડૉ. અરૂણ આનંદ | ૬/૦૯/૨૦૨૨ | -- | ૦૬/૦૯/૨૦૨૨ (પ્રોફેસર) | ૨૦/૦૫/૧૯૭૨ ૧૯/૦૫/૨૦૩૪ ૧૪/૦૬/૨૦૩૪ |
| ૧૦ | ડૉ. અશ્વિનકુમાર નરોત્તમદાસ પ્રજાપતિ | ૬/૦૯/૨૦૨૨ | -- | ૦૬/૦૯/૨૦૨૨ (એસો.પ્રોફેસર) | ૩૧/૦૭/૧૯૭૨ ૩૦/૦૭/૨૦૩૪ ૩૧/૧૦/૨૦૩૪ |

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી તરીકે ડૉ. એમ. પી. દેશપાંડે, પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ)ની તારીખઃ૦૮/૦૭/૨૦૨૫ થી તારીખઃ ૦૧/૦૬/૨૦૩૦ સુધી નિયમ અનુસાર નિમણૂંક કરવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૧૪. યુનિવસીર્ટીના એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં આ આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પાયલ રમેશભાઈ ભાટીયાએ તેમના તારીખઃ ૨૬/૦૪/૨૦૨૫ના પત્રથી તેઓએ London International Conference on Inclusive Education (LICIE) 2025, London માં પેપર પ્રેઝન્ટ કરવા જવા માટે **તારીખઃ ૨૬/૦૭/૨૦૨૫ થી ૦૫/૦૮/૨૦૨૫** સુધીના સમયગાળાની કુલ ૧૧ દિવસની ડ્યુટી લીવ (DL) પર જવાં આચાર્યશ્રી મારફતે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**નોંધઃ** ડૉ.પાયલ રમેશભાઈ ભાટીયાએ યુનિવર્સિટીમાં તારીખઃ૦૩/૧૨/૨૦૨૦ થી આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા છે અને હાલ તેઓ આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે પે બેન્ડ રૂ.૫૭,૭૦૦ - ૧,૮૨,૪૦૦/-માં મૂળ માસિક પે બેન્ડ રૂ.૬૪,૯૦૦/- મેળવે છે અને આ યુનિવર્સિટીના કાયમી કર્મચારી છે.

ડૉ. ભાટીયાની રજાઓના ખાતામા ૪૦ દિવસની અર્ન્ડ લીવ તેમજ ૮૧ દિવસની અર્ધપગારી રજાઓ જમા છે.

વધુમાં યુનિવર્સિટીના કર્મચારીઓને **"LEAVE ON PERSONAL AFFAIRS"** ઉપર પરદેશ જવા માટે વહીવટી કર્મચારીઓને ફકત ૩ માસ અને શૈક્ષણિક કર્મચારીઓને ૬૦ દિવસની રજા (Combi ned Leave i.e. Earned Leave,+ Half Pay Leave + Leavc without Pay etc.) Excluding Vacation મંજૂર કરવા તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટ બાબત ક્રમાંકઃ૧૫થી ઠરાવેલ છે તેમજ તારીખઃ૧૯/૦૯/૨૦૦૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના ઠરાવ અંકઃ૨૫થી તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટે **"Leave on Personal Affairs"** બાબતે કરેલ ઠરાવને યથાવત રાખેલ છે.પરંતુ વધારાની રજા મંજુર કરવા કર્મચારીઓ માંગણી કરે તો વ્યકિતગત કેસની વાસ્તવિકતા (Genuineness) ને ધ્યાને લઈ રજા મંજૂર કરવાની સત્તા સિન્ડિકેટની રહેશે તેમ ઠરાવેલ છે.

તા.૨૧/૧૦/૨૦૨૪ની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા-૪ માં અધ્યક્ષસ્થાનેથી રજુ થયેલ બાબતમાં "યુનિવર્સિટીના અધ્યાપકોને શૈક્ષણિક હેતુ માટે વર્ષમાં બે વાર વિદેશ પ્રવાસ કરી શકે તેની મંજુરી આપવી. તેમજ એકેડેમિક એક્ટીવીટીનો સમય અને પ્રવાસ ટાઈમ (આવવા જવાના દિવસો)ના સમયની રજાઓ માન્ય ગણવાની રહેશે." તેમ ઠરાવતાં આ કાર્યાલયનાં તારીખઃ૧૨/૧૧/૨૦૨૪ નાં પરીપત્ર નં બી/૫૭/૪૮૫૪ થી પરિપત્રીત કરેલ છે.

યુનિવર્સિટીના કર્મચારી લાંબી રજાની પરવાનગી મેળવી પરદેશ જતા હોય ત્યારે રજાઓ પૂરી થયા બાદ તેઓ પોતાની ફરજ ઉપર અચૂક હાજર થશે અને જો તેમ કરવામાં ચુકશે તો તેમને નોકરીમાંથી છુટા કરવા અંગે યુનિવર્સિટી જે નિર્ણય લે તે તેમને બંધનકર્તા રહેશે તેવું રૂ.૩૦૦/-નો નોટરી કરાવેલ બોન્ડ, **રાજીનામાં પત્ર સાથે લેવાની પ્રથા અમલમાં છે.**

ડૉ. ભાટીયા ૨૦૨૫-૨૦૨૬ના હિસાબી વર્ષમાં વિદેશ જવાની પરવાનગી મેળવવા પાત્રતા ધરાવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સીટીના એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં આ આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પાયલ રમેશભાઈ ભાટીયાએ તેમના તારીખઃ ૨૬/૦૪/૨૦૨૫ના પત્રથી તેઓએ London International Conference on Inclusive Education (LICIE) 2025, London માં પેપર પ્રેઝન્ટ કરવા જવા માટે તારીખઃ ૨૬/૦૭/૨૦૨૫ થી ૦૫/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળાની કુલ ૧૧ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજુર કરવામાં આવી અને નિયમાનુસાર બોન્ડ લેવું.**

**(મહેકમ વિભાગ)**

૧૫. **<u>કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-</u>**

યુનિવર્સીટીના અનુસ્નાતક એમ.એસ.ડબલ્યુ વિભાગમાં એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. બીજી થોમસ એ તેમના તારીખઃ૨૪/૦૪/૨૦૨૫ ના પત્ર નંબરઃ MSW/MSWHR/M.PHIL/Ph.D/ 42 કુટુંબ સાથે કેનેડા જવા તા.૦૧/૦૬/૨૦૨૫ થી તારીખઃ૩૦/૦૬/૨૦૨૫ એમ **૩૦ દિવસ** સુધી (તારીખ.૨૯/૦૪/૨૦૨૫ થી તારીખઃ ૧૪/૦૬/૨૦૨૫ ઉનાળુ વેકેશનની સમયગાળાને જોડીને તારીખઃ૧૫/૦૬/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી) ૧૫ દિવસની અર્ન્ડ લીવ રજાઓ મંજુર કરવા વિભાગના વડાશ્રી મારફતેથી વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત આ કાર્યાલયની તારીખઃ ૨૨/૦૫/૨૦૨૫થી મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોકત બાબતની ડૉ. બીજી થોમસને આ કાર્યાલયના તારીખઃ ૨૬/૦૫/૨૦૨૫ના પત્રકમાંકઃ બી/પી/બીટી /૧૦૭૪ થી જાણ કરી દીધેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૧૬. તારીખઃ ૨૮/૦૪/૨૦૨૫ને સોમવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.. **(બિડાણઃ ૭)**

(નોંધઃ તારીખઃ૨૮/૦૪/૨૦૨૫ને સોમવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની કાર્યનોંધ કમિટીના સભ્યોશ્રીઓને તારીખઃ ૩૦/૦૪/૨૦૨૫ના પત્રાંકઃ એલ/૫૬૮ થી મોકલી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૮/૦૪/૨૦૨૫ને સોમવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૧૭. આચાર્યશ્રી, શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજના તારીખઃ ૩/૪/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ 02/2025-26 તથા પત્ર ક્રમાંકઃ 03/2025-26થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Rajeshkumar Jashavantlal Parmar<br>B.A.(Special) (Economics)<br>April-1994 58.11%<br>M. A. (Economics) April-1998 56.25%<br>B.Ed. March-2004 69.07%<br>**GSET (Economics)** November- **2016**<br>**Teaching Experience :**<br>9 Years & 11 Months as a Adhoc Faculty<br>5 Months as a Lecturer<br>College Joining Date : 2/1/2025<br>Basic Pay Rs.15,600 to 39,100<br>(Rs.6,000 AGP). | Assistant Professor in Economics | લાયકાત ધરાવે છે. |
| 2. | Shane Happy Desai<br>B.A. (English) June-July-2021 CGPA: 8.13<br>M. A. (English) April-2023 CGPA: 7.85<br>**GSET (English) January- 2024**<br>**UGC-NET October- 2024**<br>College Joining Date : 3/1/2025<br>Basic Pay Rs.15,600 to 39,100<br>(Rs.6,000 AGP). | Assistant Professor in English | લાયકાત ધરાવે છે. |

નોંધઃ (૧)ઉપરોકત અધ્યાપકો આઇકયુએસી વિભાગના (૧) પત્ર નં. IQAC/API/ 2024-25/4163 dated : 5/10/2024 અને (૨) પત્ર નં. IQAC/API/ 2024-25/4487 dated :19/10/2024 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજની ઉપરોકત ક્રમાંકઃ ૧ અને ૨ માં કરેલ અધ્યાપકની નિમણૂકને માન્યતા આપવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-**

૧૮. યુનિવસીર્ટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. સુધા ચૌહાણએ તેઓના તારીખઃ ૨૫/૦૪/૨૦૨૫ના પત્ર નંબર: Hum/Guj/52/2025થી તેઓ પરીવાર સાથે યુરોપ ફરવા જવા તારીખઃ૧૫/૦૫/૨૦૨૫ થી તારીખઃ૦૩/૦૬/૨૦૨૫ સુધી (ઉનાળુ વેકેશન દરમ્યાન) એમ કુલ ૨૦ દિવસ સુધી જવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત આ કાર્યાલયની તારીખઃ૦૨-૦૫-૨૦૨૫ થી મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોકત બાબતની ડૉ.સુધા ચૌહાણને આ કાર્યાલયના તારીખઃ ૦૯-૦૫-૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ બી/પી/એસસી /૭૮૭ થી જાણ કરી દીધેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૧૯. **કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-**

યુનિવસીર્ટીના અનુસ્નાતક હોમસાયન્સ વિભાગમાં એસો. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. નમ્રતા કોલા તેમના તારીખઃ૧૨-૦૫-૨૦૨૫ના પત્ર નંબરઃPG/HSC/2025-26/31 થી તેઓએ ઓસ્ટ્રેલીયા જવા માટે તારીખોમાં ફેરફાર કરીને તારીખઃ ૧૫-૦૬-૨૦૨૫ થી તારીખઃ ૨૨-૦૬-૨૦૨૫ ને બદલે

તારીખઃ ૦૫-૦૬-૨૦૨૫ થી તારીખઃ૧૬-૦૬-૨૦૨૫ સુધી એટલે કે તારીખઃ૦૫-૦૬-૨૦૨૫ થી તારીખઃ૧૪-૦૬-૨૦૨૫ સુધી વેકેશનની રજાઓ, તા.૧૫-૦૬-૨૦૨૫ રવિવારની રજા અને તારીખઃ ૧૬-૦૬-૨૦૨૫ ૦૧ દિવસની (સી.એલ) રજા મંજુર કરવા પુનઃ વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત આ કાર્યાલયની તા.૨૨-૦૫-૨૦૨૫ થી મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોકત બાબતની ડૉ.નમ્રતા કોલાને આ કાર્યાલયના તારીખઃ૨૬-૦૫-૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ બી/પી/એનકે /૧૦૭૩ થી જાણ કરી દીધેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-**

૨૦. યુનિવર્સીટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં પ્રોફેસર(સી.એ.એસ)(આર.ડી.ઈ.એસ) તરીકે ફરજ બજાવતા ડૉ. પિનાકીની પંડયાએ તેઓના તારીખઃ૩૦/૦૪/૨૦૨૫ના પત્રથી 11th Intenational Conference on Women Studies (WCWS2025) under the theme of Talking Shop: Feminisms and the Crucial Issues of our Times, Bali, Indonesia માં કોન્ફરન્સમાં ભાગ લેવા વિદેશ પ્રવાસ જવા માટે તારીખઃ ૨૭/૦૫/૨૦૨૫ થી તારીખઃ ૦૨/૦૬/૨૦૨૫ સુધી કુલ ૦૭ દિવસની (ડયુટી લીવ) રજાઓ મંજુર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત આ કાર્યાલયની તારીખઃ૦૯/૦૫/૨૦૨૫ થી મંજૂર કર્યાના;

(નોંધઃઉપરોકત બાબતની ડૉ. પિનાકીની પંડયાને આ કાર્યાલયના તારીખઃ ૧૬/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ બી/પી/પીપી /૯૦૬ થી જાણ કરી દીધેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(હિસાબ વિભાગ)**

૨૧. તારીખઃ૩૦/૪/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતી દ્વારા કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.. **(બિડાણઃ ૮)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૩૦/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતીની ભલામણો માન્ય રાખવામાં આવી. સદર ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતીના મંજૂર કરેલ ઠરાવ ક્રમાંકઃ ૫.૧ નીચે મુજબ છે.**

**"સભામાં થયેલ સર્વગ્રાહી અને પુખ્ત વિચારણાને અંતે આથી ભલામણ કરવામાં આવે છે કે, ઉપરોકત બાબતે તારીખઃ ૯/૪/૨૦૨૫ની પુનઃ સાદર રજૂમાં કા.મુ.હિસાબી અધિકારીની જાણ બહાર રીવાઈઝડ બજેટની નોંધ મંજૂર કરાવેલ હોય, જેથી કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી સાથે વિચાર વિર્મશ કરી પુનઃ નોંધ મંજૂર કરાવી આગામી મળનાર ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતીમાં મૂકવા જણાવવામાં આવે છે."**

**ચર્ચા વિચારણાના અંતે એકઝીકયુટીવ કાઉન્સિલ સભા દ્વારા ૫.૧ના ઠરાવને ના મંજૂર કરવામાં આવ્યો, અને સદર બજેટને મંજૂર કરી આગળની કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવી.**

## (સિન્ડિકેટ વિભાગ)

૨૨. ગુજરાત ક્રિશ્ચિન સર્વિસ બૉર્ડ, આઈ. પી. મિશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત કેર ઈન્સ્ટીટ્યૂટ ઑફ લીગલ સ્ટડીઝ, આણંદ દ્વારા Udayam Cogent Portal પર નવા જોડાણ માટે (૧) LL.M. Business Law (૨) LL.M. Criminal Law અભ્યાસક્રમનાં નવા જોડાણોની મંજુરી મેળવવા ઓનલાઈન અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ જે અન્વયે (૧) LL.M. Business Law (૨) LL.M. Criminal Law અભ્યાસક્રમોની તારીખઃ ૧૬/૦૪/૨૦૨૫ના રોજ Local Inquiry Committee (L.I.C.) કમિટી કરવામાં આવી હતી. જેમાં કમિટી દ્વારા દર્શાવવામાં આવેલ રિમાર્ક્સ નીચે મુજબ છે.)

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE:**

| | |
|---|---|
| ૧ | **LL.M. Business Law:**<br>- Institution commence U.G. Law course from 2024-25 only.<br>- Only one year completed of this LL.B. course.<br>- Institute not applied and neither accredited from NAAC. |
| ૨ | **LL.M. Criminal Law:**<br>- Institution run U.G. Law course from 2024-25.<br>- Only one year complete of this U.G. Law course.<br>- Institute not apply on pursue NAAC accreditation.) |

**ગુજરાત પબ્લીક યુનિવર્સિટી ઍક્ટઃ૨૦૨૩, સ્ટેચ્યુટઃ 289(a) નીચે મુજબ છે.**

**Guidelines for permitting P.G. programmes in an affiliated college:**

**289.(a) General Conditions:**

(1) The college shall comply with all the provisions of the Act, the Statutes, the Ordinances and also the rules and regulations of the University framed in this regard.

(2) Colleges having permanent affiliation or at least four years of continuous affiliation only shall be eligible to start postgraduate programmes.

(3) There shall be a core faculty consisting of at least four full-time members for each postgraduate programme in a college. All the faculty members shall be duly qualified as prescribed by the UGC from time to time. Among them at least two members should posses research degree (Ph.D.)

(4) All the faculty members shall be paid as per pay scales prescribed for the concerned cadres viz., Professors, Readers, Lecturers by UGC/AICTE and payment shall be made through Bank.

(5) In addition to the core faculty, retired teachers having more than five years of teaching experience at the P.G. level may be appointed as visiting faculty to handle certain specialized topics/subjects if need be. In exceptional cases eminent persons may also be invited to deliver lectures.

(6) There shall be separate faculty for each postgraduate programme. Undergraduate teachers shall not be permitted to handle post-graduate classes.

(7) The number of teaching posts, the qualifications (as prescribed by the University) of the teaching staff, their recruitment procedure and conditions of service shall be in accordance with the Statutes/Ordinances/Regulations of the University in private colleges and shall be such as to ensure the imparting of adequate instructions to the students in the courses of studies to be undertaken by the College. However, the service conditions of employees shall be as prescribed by the Government.

(8) Atleast one member of the P.G. faculty of the college and one representative of the concerned University shall be represented in the Governing Council.

(9) The students shall be admitted to the postgraduate programmes as per the regulations prescribed for the concerned programme by the concerned university and also as per the guidelines of admissions issued by the state Government from time to time.

(10) The college/institution shall collect tuition and other fees as prescribed by the University/ State Government from time to time.

(11) The intake for each postgraduate programme shall be as fixed by the University/State Government/AICTE/Bar Council of India/ AICTE/UGC etc.

(12) The academic and welfare activities of the students belonging to backward classes and Scheduled castes/Tribes shall be properly looked after and special attention be paid by the colleges to their problem while also adhering to State rules and directions on reservation.

(13) No college shall impose levies its teaching and non-teaching staff for meeting recurring or non-recurring general or special expenditure of the college or impose cuts in their salaries for any other purpose.

(14) The college shall have undisputed possession of land measuring atleast 5 acres and shall submit a blue print of the proposed building for the college.

**યુનિવર્સિટીનો અભિપ્રાયઃ**

| |
|---|
| Guidelines for permitting P.G. programmes in an affiliated college:289.(a) General Conditionsના ક્રમાંક નંબરઃ ૨ Colleges having permanent affiliation or at least four years of continuous affiliation only shall be eligible to start postgraduate programmes અનુસાર કોલેજ P.G. programmes ચાલુ કરવા માટે એલીઝીબલ નથી. |

**આથી ઠરાવવામાં આવે છે કે જે સંસ્થાઓએ ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ ૨૦૨૪ તારીખઃ ૧/૮/૨૦૨૪ અમલ થયા પહેલા એફિલીએશન મેળવવા માટે અરજી ફી ભરેલ હોય, તેવી કોલેજોના એફિલીએશન બાબતે સરકારશ્રી પાસેથી માર્ગદર્શન લઇને આગળની કાર્યવાહી કરવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨૩. એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ સચિવાલય ગાંધીનગરના તારીખઃ ૧૧/૧૦/૨૦૨૪ના નોટિફિકેશન ક્રમાંકઃ **No. GH/SH/47/GCU/2024/19/KH.1: The Gujarat Public Universities Act. 2023** સંદર્ભે નીચે પ્રમાણે જણાવેલ છે. "In exercise of the powers conferred by sub-section (8) of section 21 of the Gujarat Public Universities Act, 2023 (Guj. 15 of 2023), the Government of Gujarat here by appoints the dated 1st August, 2024 as the date on

which the Gujarat Public Universities Uniform Statutes, 2024 shall come in to force" **જે અંતગર્ત ચુનિવર્સિટી દ્વારા એફિલીએશન મેળવવા માટે Statutes**-275 **અને** 276 **અનુસાર કાર્યવાહી કરવાની થાય તે ઉપર વિચારણા કરવા બાબત..** **(બિડાણ:૯)**

## CHAPTER XXI
## PERMISSION FOR AFFILIATION AND RECOGNITION
## (Under Chapter VIII of the Act)

**275.** (1) The proposal for opening of new colleges or institutions of higher learning off campuses or for starting new courses of study, subjects, faculties, additional divisions or satellite centres, shall be invited and considered by the university.

(2) No application for opening a new college or institution of higher learning, which is not in conformity with the perspective plan prepared under section of Perspective Plans of The Gujarat Public Universities Act – 2023 shall be considered by the university.

(3)(a)The Management seeking a Letter of Intent for opening a new college or institution of higher learning shall apply in a prescribed format to the Registrar of the university before the (Date decided by Board of Management) of the year preceding the year in which the Letter of Intent is sought.

(b) only those applications complying with the requirements and received within the prescribed time limit, shall be accepted and considered by the university;

(c) all such applications received within the aforesaid prescribed time limit, shall be scrutinized by the Board of Deans and be forwarded to the State Government with the approval of the Board of Management on or before (Date decided by Board of Management) of the year in which such application is received by the university The university shall submit along with the application, its recommendation, duly supported by relevant reasons, as are deemed appropriate by the Board of Management;

